MCX
મેટલ અને એનર્જી
વિશ્વાસ સાથે વેપાર

**એમસીએક્સ ડેઈલી રિપોર્ટ...**

# એમસીએક્સ પર સતત વધી રહેલું વોલ્યુમ: સોનામાં વધુ પણ ચાંદીમાં ઓછાં કામકાજ: વધ્યા ભાવથી વાયદા ઘટ્યા

## બિનલોહ ધાતુઓમાં આગળ વધતી તેજી: કૃષિચીજોમાં સુધારાની ચાલ: કોમડેક્સ ૨૭૨૨.૪૦

મુંબઇ, તા.૨૨

વીતેલા દિને એમસીએક્સ પર ૫,૭૨,૬૬૩ સોદામાં રૂ.૩૫,૩૧૭.૬૧ કરોડનું વોલ્યુમ નોંધાયું હતું, જેમાં સોના-ચાંદીનાં કામકાજનો હિસ્સો રૂ.૧૨,૫૬૨.૬૬ કરોડનો હતો. સોનામાં રૂ.૮,૬૧૫.૬૮ કરોડનાં ૪૭,૦૩૫ કિલો અને ચાંદીમાં રૂ.૩,૯૪૬.૯૮ કરોડનાં ૧,૩૭૨.૫૭૦ ટનના વેપાર થયા હતા. ક્રૂડ તેલમાં રૂ.૮,૨૬૯.૩૭ કરોડનાં ૨,૨૬,૩૦,૪૦૦ બેરલ્સનો ધંધો થયો હતો.

ગુરૂવારે સાંજે પાંચ વાગ્યા સુધીના પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨,૬૨,૯૪૭ સોદામાં રૂ.૧૫,૬૨૯.૭૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં સોના-ચાંદીના વેપારનો હિસ્સો રૂ.૬,૧૫૮.૩૮ કરોડનો હતો. સોના-ચાંદીના વાયદાના ભાવોમાં એકંદરે નરમાઈ હતી, જ્યારે બિનલોહ ધાતુઓમાં સુધારાનું વલણ રહ્યું હતું. એનર્જીમાં ક્રૂડ તેલમાં ઘટાડો ભાવમાં રહ્યો હતો, જ્યારે નેચરલગેસ વધ્યું હતું. કૃષિ અને અન્ય ચીજોમાં રિફાઈન્ડ સોયાતેલ, સીપીઓ, ચણા-દિલ્હી, એલચી, બટેટા-આગ્રા, ઘઉં અને જવના વાયદા વધી આવ્યા હતા.

સોનાના (ગિની સહિતના) વાયદાઓમાં ૪૨,૭૬૩ સોદામાં રૂ.૪,૬૧૭.૨૫ કરોડનાં ૨૫,૨૬૩ કિલોનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ ૨૭,૨૮૨ કિલોનો હતો. ચાલુ વાયદામાં ૧૭,૩૫૮ સોદામાં રૂ.૪,૦૫૨.૬૫ કરોડનાં ૨૨,૧૭૩ કિલો અને મિની વાયદામાં ૨૧,૯૮૦ સોદામાં રૂ.૫૫૭.૦૯ કરોડનાં ૩,૦૪૯ કિલોના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ અનુક્રમે ૨૨,૩૭૪ કિલો અને ૪,૭૭૨ કિલોનો હતો. ગિનીમાં ૩,૪૨૫ સોદામાં રૂ.૭.૫૧ કરોડની ૪૧ કિલો ગિનીનાં કામ સાથે ૧૩૬ કિલોનો ઓપન ઈન્ટરેસ્ટ હતો. સોનાના ચાલુ વાયદાઓ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૮થી રૂ.૧૦૬ અને મિની વાયદાઓ રૂ.૯૬થી રૂ.૧૦૦ની રેન્જમાં ઘટ્યા હતા. ચાલુ વાયદામાં ઓગસ્ટ વાયદો સૌથી વધુ રૂ.૧૦૬ ઘટી રૂ.૧૮,૨૫૮, ઓક્ટોબર રૂ.૧૦૦ ઘીટ રૂ.૧૮,૩૩૭, ડિસેમ્બર રૂ.૮૬ ઘટી રૂ.૧૮,૪૩૦ અને ફેબ્રુઆરી-૧૧નો વાયદો રૂ.૭૮ ઘટી રૂ.૧૮,૫૦૬ બંધ રહ્યા હતા. મિની વાયદામાં ઓગસ્ટ રૂ.૧૦૦ ઘટી રૂ.૧૮,૨૪૭, સપ્ટેમ્બર રૂ.૯૯ ઘટી રૂ.૧૮,૩૦૪ અને ઓક્ટોબર રૂ.૯૬ ઘટી રૂ.૧૮,૩૪૮ બંધમાં રહ્યા હતા. ગિનીના વાયદાઓ ૮ ગ્રામદીઠ રૂ.૩૫થી રૂ.૩૬ નરમ હતા. ગિનીનો જુલાઈ વાયદો રૂ.૩૬ ઘટી રૂ.૧૪,૭૬૦, ઓગસ્ટ રૂ.૩૫ ઘટી રૂ.૧૪,૭૪૫ અને સપ્ટેમ્બર રૂ.૩૬ ઘટી રૂ.૧૪,૭૭૨ બંધ રહ્યા હતા.

ચાંદીમાં ૨૭,૮૭૨ સોદામાં રૂ.૧,૫૪૧.૧૩ કરોડની ૫૩૬.૮૪૦ ટન ચાંદીના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ ૬૬૩.૯૧૦ ટનનો હતો. ચાંદીના ચાલુ વાયદામાં ૧૧,૦૭૬ સોદામાં રૂ.૧,૨૪૩.૧૯ કરોડની ૪૩૩.૦૮૦ ટન અને મિની વાયદામાં ૧૬,૭૯૬ સોદામાં રૂ.૨૯૭.૯૪ કરોડની ૧૦૩.૭૬૦ ટન ચાંદીનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ ચાલુ વાયદામાં ૫૧૬.૯૦૦ ટન અને મિનીમાં ૧૪૭.૦૧૦ ટનનો હતો. ચાંદીના વાયદાઓમાં દૂર ડિલિવરીના મે વાયદામાં અપવાદરૂપ રૂ.૨૯ના સુધારા સિવાય અન્ય તમામ વાયદાઓ નરમ હતા. ભાવમાં ઘટાડાની રેન્જ રૂ.૨૧થી રૂ.૫૫ની હતી. ચાંદીના ચાલુ વાયદામાં સપ્ટેમ્બર રૂ.૫૫ ઘટી રૂ.૨૮,૭૪૨, ડિસેમ્બર રૂ.૪૮ ઘટી રૂ.૨૮,૮૫૮ અને માર્ચ-૧૧નો વાયદો રૂ.૩૦ ઘટી રૂ.૨૮,૯૦૫ બંધ હતા. ચાંદીના મિની વાયદામાં ઓગસ્ટ રૂ.૫૫ ઘટી રૂ.૨૮,૭૪૨, નવેમ્બર રૂ.૫૧ ઘટી રૂ.૨૮,૮૫૬, માર્ચ-૧૧નો વાયદો રૂ.૩૦ ઘટી રૂ.૨૮,૯૭૬ અને એપ્રિલ-૧૧નો વાયદો રૂ.૨૧ ઘટી રૂ.૨૯,૦૯૪ બંધ રહ્યા હતા.

બિનલોહ ધાતુઓમાં તાંબામાં રૂ.૩,૪૧૪.૪૮ કરોડનાં ૧,૦૫,૩૨૪ ટન, નિકલમાં રૂ.૧,૧૬૮.૩૮ કરોડનાં ૧૨,૫૯૮.૨૫૦ ટન, એલ્યુમિનિયમમાં રૂ.૨૭૧.૩૪ કરોડનાં ૨૮,૭૭૦ ટન, સીસામાં રૂ.૬૪૫.૯૪ કરોડનાં ૭૩,૩૮૦ ટન, મિની સીસામાં રૂ.૯૦ કરોડનાં ૧૦,૨૨૬ ટન, જસતમાં રૂ.૭૬૭.૭૮ કરોડનાં ૮૫,૮૨૫ ટન અને મિની જસતમાં રૂ.૧૨૪.૫૧ કરોડનાં ૧૩,૯૧૦ ટનના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ તાંબામાં ૩૯,૨૪૬ ટન, નિકલમાં ૪,૫૪૧.૨૫૦ ટન, એલ્યુમિનિયમમાં ૧૮,૨૩૫ ટન, સીસામાં ૩૧,૧૬૦ ટન, મિની સીસામાં ૪,૦૨૮ ટન, જસતમાં ૩૩,૯૦૫ ટન અને મિની જસતમાં ૬,૩૯૮ ટનનો હતો. તમામ બિનલોહ ધાતુઓમાં સુધારો હતો. તાંબાના બંને વાયદા રૂ.૪.૪૫થી રૂ.૪.૫૫, નિકલના ત્રણેય વાયદા રૂ.૧૫થી રૂ.૧૭.૨૦, એલ્યુમિનિયમના ત્રણેય વાયદા ૭૫ પૈસાથી રૂ.૧.૩૦, સીસાના મિની સહિતના બધા વાયદા રૂ.૧.૭૦થી રૂ.૧.૮૫ અને જસતના મિની સહિતના બધા વાયદા રૂ.૧થી રૂ.૧.૦૫ વધ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં રૂ.૨,૫૨૫.૦૫ કરોડનાં ૬૯,૫૨,૪૦૦ બેરલ્સ, બ્રેન્ટ ક્રૂડ તેલમાં રૂ.૬.૨૫ કરોડનાં ૧૭,૫૦૦ બેરલ્સ, નેચરલ ગેસમાં રૂ.૨૦૨.૩૧ કરોડનાં ૯૪,૩૨,૫૦૦ એમએમબીટીયૂ અને ગેસોલીનમાં રૂ.૩૨ લાખનાં ૩૩,૬૦૦ યુએસ ગેલનના વેપાર થયા હતા.ક્રૂડ તેલમાં રૂ.૭થી રૂ.૨૧ અને બ્રેન્ટ ક્રૂડમાં રૂ.૧થી રૂ.૩૩નો ઘટાડો ભાવમાં રહ્યો હતો. ક્રૂડ તેલનો ઓગસ્ટ વાયદો રૂ.૭ ઘટી રૂ.૩,૬૩૬ બંધ રહ્યો હતો. નેચરલ ગેસમાં ૪૦થી ૯૦ પૈસા અને ગેસોલીનમાં રૂ.૩.૭૦નો સુધારો હતો.

કૃષિ અને અન્ય ચીજોમાં રિફાઈન્ડ સોયાતેલમાં રૂ.૪૦.૧૫ કરોડનાં ૮,૩૯૦ ટન, સીપીઓમાં રૂ.૫૨.૩૫ કરોડનાં ૧૩,૬૦૦ ટન, ચણા-દિલ્હીમાં રૂ.૮.૮૬ કરોડનાં ૩,૭૫૦ ટન, એલચીમાં રૂ.૨૫.૧૬ કરોડનાં ૧૫૩ ટન, બટેટા-આગ્રામાં રૂ.૨૭.૬૯ કરોડનાં ૬૫,૮૨૦ ટન, મેન્થા તેલમાં રૂ.૭૯.૮૮ કરોડનાં ૧,૧૩૫ ટન, ગુવારસીડમાં ૧૨૦ ટન, મકાઈમાં રૂ.૮.૦૮ કરોડનાં ૭,૩૧૦ ટન, બદામમાં ૩ ટન, ઘઉંમાં ૩૦ ટન અને જવમાં રૂ.૧૨.૪૨ કરોડનાં ૧૦,૭૦૦ ટનનાં કામકાજ થયાં હતાં. રિફાઈન્ડ સોયાતેલના વાયદાઓ રૂ.૧૦.૨૦થી રૂ.૧૪.૧૫ અને સીપીઓના વાયદા રૂ.૬.૫૦થી રૂ.૯.૩૦ની રેન્જમાં વધ્યા હતા. રિફાઈન્ડ સોયાતેલનો ઓગસ્ટ વાયદો રૂ.૧૧.૮૦ વધી રૂ.૪૮૩.૮૦ બંધ રહ્યો હતો. ચણા-દિલ્હીના ત્રણેય વાયદાઓ રૂ.૮થી રૂ.૨૨, એલચીના ચારેય વાયદાઓ રૂ.૨૫.૩૦થી રૂ.૩૧.૫૦ અને બટેટા-આગ્રાના ત્રણેય વાયદાઓ રૂ.૧.૫૦થી રૂ.૩.૨૦ની રેન્જમાં વધ્યા હતા. મેન્થા તેલનો જુલાઈ વાયદો ૧૦ પૈસા ઢીલો હતો, જ્યારે બીજા બે વાયદા ૮૦ પૈસાથી રૂ.૧.૭૦ સારા હતા. ગુવારસીડનો ઓગસ્ટ વાયદો રૂ.૩૫ ઘટી બંધમાં રૂ.૨,૪૪૭ રહ્યો હતો. મકાઈનો ઓગસ્ટ વાયદો રૂ.૨૨.૫૦ વધવા સામે ઓક્ટોબર રૂ.૨૩.૫૦ નરમ હતો. બદામનો સપ્ટેમ્બર વાયદો રૂ.૩.૨૫ ઘટી રૂ.૩૨૫.૭૫ અને ઘઉંનો ઓગસ્ટ વાયદો રૂ.૭.૯૦ વધી રૂ.૧,૨૪૭.૯૦ બંધ રહ્યા હતા. જવના વાયદાઓ રૂ.૮.૨૦થી રૂ.૨૪.૪૦ વધીને બંધ રહ્યા હતા.

કોમડેક્સ ૬.૪૬ પોઈન્ટ વધી ૨૭૨૨.૪૦ બંધ રહ્યો હતો. અંતર્ગત આંકોમાં મેટલ ઈન્ડેક્સ ૯.૩૬ પોઈન્ટ વધી ૩૩૦૨.૧૩ અને એગ્રી ઈન્ડેક્સ ૨૩.૫૮ પોઈન્ટ વધી ૨૨૭૮.૧૭ બંધ રહ્યા હતા, જ્યારે એનર્જી ઈન્ડેક્સ ૪.૩૫ પોઈન્ટના ઘટાડા સાથે ૨૬૩૭.૦૩ બંધ રહ્યો હતો.

દાવાત્યાગ : આ રિપોર્ટ ફક્ત સામાન્ય જાણકારી આપવાના ઉદ્દેશથી બનાવાયો છે, જોકે એક્સચેન્જે વાસ્તવિક જાણકારી આપવાનો દરેક શક્ય પ્રયાસ કર્યો છે. આ રિપોર્ટ એ શરતે ઉપલબ્ધ છે કે આમાં રહેલી કોઈ ભૂલચૂકને દાવા, માગ કે કાનૂની કાર્યવાહી માટે આધાર બનાવી શકાશે નહી. * ટર્નઓવરનો આંકડો ગઈકાલ રાતના અને આજના દિવસના સત્રનો સંયુક્ત છે.

MCX
મેટલ અને એનર્જી
વિશ્વાસ સાથે વેપાર

## એમસીએક્સના વાયદાના ભાવ

| કોમોડિટી | પાકતી તારીખ | ખૂલી | વધી | ઘટી | બંધ | વધઘટ |
|---|---|---|---|---|---|---|
| ગોલ્ડ-ગિની | ૩૧-૦૭-૧૦ | ૧૪૭૮૧.૦૦ | ૧૪૭૮૯.૦૦ | ૧૪૭૪૨.૦૦ | ૧૪૭૬૦.૦૦ | -૩૬.૦૦ |
| સોનું-મિની | ૦૫-૦૮-૧૦ | ૧૮૩૩૦.૦૦ | ૧૮૩૩૦.૦૦ | ૧૮૨૨૭.૦૦ | ૧૮૨૪૭.૦૦ | -૧૦૦.૦૦ |
| સોનુ | ૦૫-૦૮-૧૦ | ૧૮૩૪૫.૦૦ | ૧૮૩૪૫.૦૦ | ૧૮૨૪૧.૦૦ | ૧૮૨૫૮.૦૦ | -૧૦૬.૦૦ |
| ચાંદી-મિની | ૩૧-૦૮-૧૦ | ૨૮૭૭૬.૦૦ | ૨૮૭૮૫.૦૦ | ૨૮૬૨૮.૦૦ | ૨૮૭૪૨.૦૦ | -૫૫.૦૦ |
| ચાંદી | ૦૪-૦૯-૧૦ | ૨૮૭૭૭.૦૦ | ૨૮૭૯૬.૦૦ | ૨૮૬૨૫.૦૦ | ૨૮૭૪૨.૦૦ | -૫૫.૦૦ |
| તાંબુ | ૩૧-૦૮-૧૦ | ૩૨૨.૪૫ | ૩૨૮.૩૦ | ૩૧૯.૩૦ | ૩૨૭.૦૦ | ૪.૪૫ |
| નિકલ | ૩૦-૦૭-૧૦ | ૯૧૭.૪૦ | ૯૩૭.૭૦ | ૯૧૨.૦૦ | ૯૩૩.૩૦ | ૧૫.૪૦ |
| એલ્યુમિનિયમ | ૩૦-૦૭-૧૦ | ૯૩.૬૦ | ૯૫.૨૫ | ૯૩.૨૫ | ૯૫.૧૦ | ૧.૩૦ |
| સીસું | ૩૦-૦૭-૧૦ | ૮૭.૦૫ | ૮૯.૩૫ | ૮૬.૦૫ | ૮૯.૧૦ | ૧.૮૫ |
| સીસું-મિની | ૩૦-૦૭-૧૦ | ૮૭.૦૫ | ૮૯.૪૦ | ૮૬.૧૦ | ૮૯.૧૦ | ૧.૮૫ |
| જસત-મિની | ૩૦-૦૭-૧૦ | ૮૮.૭૦ | ૯૦.૩૦ | ૮૮.૧૦ | ૮૯.૯૫ | ૧.૦૦ |
| જસત | ૩૦-૦૭-૧૦ | ૮૮.૫૦ | ૯૦.૩૦ | ૮૮.૧૦ | ૮૯.૯૫ | ૧.૦૦ |
| ક્રૂડ તેલ | ૧૯-૦૮-૧૦ | ૩૬૪૩.૦૦ | ૩૬૪૮.૦૦ | ૩૬૧૫.૦૦ | ૩૬૩૬.૦૦ | -૭.૦૦ |
| બ્રેન્ટ ક્રૂડ તેલ | ૧૦-૦૮-૧૦ | ૩૫૯૬.૦૦ | ૩૫૯૬.૦૦ | ૩૫૫૪.૦૦ | ૩૫૭૩.૦૦ | -૧.૦૦ |
| નેચરલ ગેસ | ૨૭-૦૭-૧૦ | ૨૧૩.૪૦ | ૨૧૪.૯૦ | ૨૧૨.૮૦ | ૨૧૪.૦૦ | ૦.૬૦ |
| ગેસોલીન | ૨૩-૦૭-૧૦ | ૯૫.૯૫ | ૯૫.૯૫ | ૯૫.૯૫ | ૯૫.૯૫ | ૩.૭૦ |
| રિફા. સોયા તેલ | ૧૪-૦૮-૧૦ | ૪૭૩.૭૫ | ૪૮૪.૧૫ | ૪૭૩.૨૫ | ૪૮૩.૮૦ | ૧૧.૮૦ |
| સીપીઓ | ૩૧-૦૭-૧૦ | ૩૮૪.૯૦ | ૩૯૩.૬૦ | ૩૮૩.૬૦ | ૩૮૯.૮૦ | ૬.૫૦ |
| ચણા-દિલ્હી | ૨૦-૦૮-૧૦ | ૨૩૩૩.૦૦ | ૨૩૬૫.૦૦ | ૨૩૩૦.૦૦ | ૨૩૪૨.૦૦ | ૮.૦૦ |
| એલચી | ૧૪-૦૮-૧૦ | ૧૭૬૪.૦૦ | ૧૭૮૬.૮૦ | ૧૭૪૬.૦૦ | ૧૭૭૩.૭૦ | ૩૧.૧૦ |
| બટેટા-આગ્રા | ૧૪-૦૮-૧૦ | ૪૧૫.૦૦ | ૪૨૩.૬૦ | ૪૧૪.૫૦ | ૪૧૭.૦૦ | ૧.૫૦ |
| મેન્થા તેલ | ૩૧-૦૭-૧૦ | ૬૮૮.૭૦ | ૬૯૩.૦૦ | ૬૮૩.૩૦ | ૬૮૮.૩૦ | -૦.૧૦ |
| ગુવારસીડ | ૨૦-૦૮-૧૦ | ૨૪૫૦.૦૦ | ૨૪૭૫.૦૦ | ૨૪૩૪.૦૦ | ૨૪૪૭.૦૦ | -૩૫.૦૦ |
| મકાઈ | ૨૦-૦૮-૧૦ | ૧૦૯૦.૫૦ | ૧૧૧૯.૦૦ | ૧૦૯૦.૫૦ | ૧૧૧૫.૦૦ | ૨૨.૫૦ |
| બદામ | ૩૦-૦૯-૧૦ | ૩૨૫.૦૦ | ૩૨૮.૦૦ | ૩૨૫.૦૦ | ૩૨૫.૭૫ | -૩.૨૫ |
| ઘઉં | ૨૦-૦૮-૧૦ | ૧૨૭૬.૯૦ | ૧૨૭૬.૯૦ | ૧૨૨૮.૨૦ | ૧૨૪૭.૯૦ | ૭.૯૦ |
| જવ | ૨૦-૦૮-૧૦ | ૧૧૪૧.૮૦ | ૧૧૪૮.૮૦ | ૧૧૩૯.૦૦ | ૧૧૪૦.૦૦ | ૮.૨૦ |

દાવાત્યાગ : આ રિપોર્ટ/ભાવકોપી ફક્ત સામાન્ય જાણકારી આપવાના ઉદ્દેશથી બનાવાયો છે, જોકે એક્સચેન્જે વાસ્તવિક જાણકારી આપવાનો દરેક શક્ય પ્રયાસ કર્યો છે. આ રિપોર્ટ એ શરતે ઉપલબ્ધ છે કે આમાં રહેલી કોઈ ભૂલચૂકને દાવા, માગ કે કાનૂની કાર્યવાહી માટે આધાર બનાવી શકાશે નહી. * ટર્નઓવરનો આંકડો ગઈકાલ રાતના અને આજના દિવસના સત્રનો સંયુક્ત છે.